# મોડાસા ખાતે સફળતાનું સરનામું કાર્યક્રમ યોજાયો

**ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓ માટે આત્મિક સશક્તિકરણ - કલમ પૂજન કાર્યક્રમ મોડાસાના ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવ્યું**

બાયડ તા.૨૨

આવી રહેલ ૨૮ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા શરુ થઈ રહી છે. ત્યારે આ વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો આંતરિક ભય દૂર થાય તે માટે ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પરિક્ષાર્થીઓમાં ઉભા થતાં ભયથી મુક્ત રહેવા મનો શારિરીક શૈક્ષણિક અને આધ્યાત્મિક આત્મિક સશક્તિકરણ અને કલમ પૂજન કાર્યક્રમ આજરોજ ૨૨ માર્ચ, મંગળવારે કરવામાં આવ્યો. પરીક્ષાની દરેક ક્ષણનો સદુપયોગ વિદ્યાત્મક તેમજ સકારાત્મક નિયોજનમાં લાગી જાય તો સફળતાના ક્ષેત્રે ચમત્કાર દેખાવા લાગે છે. આવા ઉદ્દેશ્ય સાથે બોર્ડની પરિક્ષા આપનાર સૌ વિદ્યાર્થીઓને નિમંત્રિત કરવામાં આવ્યા. જેમાં બોર્ડના ૧૦૦ થી વધુ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. મોડાસા ક્ષેત્રમાં સૌથી વધુ ગાયત્રી મંત્ર લેખન કરનાર એવા સાધક ગીતાબેન પટેલ દ્વારા દિપ પ્રજ્વલિત કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. ગાયત્રી પરિવાર યુવા સંગઠન, ગુજરાતના સંયોજક કિરિટભાઈ સોની આ પ્રસંગે ઉપસ્થિત રહી આ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ જાગે તે માટે ખૂબ જ માર્મિક ભાષામાં પરીક્ષાનો ખોટો ભય દૂર કરવાના ઉપાયો, ગાયત્રી મંત્રની વિશેષ શક્તિ, વિદ્યાર્થી જીવનમાં સમયનું મહત્વ, સ્ટુડન્ટ લાઈફ ગોલ્ડન લાઈફ, વિદ્યાર્થી જીવનમાં યોગ પ્રાણાયામ, જીવનનું નિર્ધારિત લક્ષ વિગેરે વિષયો પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તેમજ દોરી અને ખીલીના માધ્યમથી આંતરિક પ્રબળ ઈચ્છા શક્તિ હોય તો આપણી ઈચ્છા મુજબ શરીર ચોક્કસ સાથ આપે છે. આ બાબતો દરેક વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ પ્રયોગ કરાવી આત્મબળ વધારવાનો પ્રયાસ કર્યો હતો. ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉપયોગ કરવાની પોતાની પેનો લઈને બોલાવેલ જે પેનોનું અરવિંદભાઈ કંસારા દ્વારા આધ્યાત્મિક રીતે મંત્રોચ્ચાર સાથે વિદ્યાર્થીઓના હસ્તે પૂજન કરાવવામાં આવ્યું. ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સફળતા માટે



શુભેચ્છાઓ પાઠવવામાં આવી. સમગ્ર કાર્યક્રમના આયોજનનું સંચાલન અમિતાબેન પ્રજાપતિએ કર્યુ હતું. આ આયોજનમાં વિશેષ સોમાભાઈ બારોટ, કાન્તિભાઈ ચૌહાણ, દેવાશિષ કંસારા, મનહરભાઈ પટેલ, દક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.,ઉપસ્થિત રહેનાર સૌ વિદ્યાર્થીઓ તેમજ આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવનાર સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

## શ્રી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલમાં ધો. ૧૦-૧૨ વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો



મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં શૈક્ષણીક ક્ષેત્રે નામાંકીત શ્રી કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધો-૧૦ અને ધો-૧૨ સામાન્ય અને સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો જેમાં પૂર્વ નાયબ જીલ્લા શિક્ષણાધિકારી અને સરકારી માધ્યમિક શાળના આચાર્ય સમીરભાઈ પટેલે તેમની આગવી શૈલીમાં શુભેચ્છા સમારોહમાં ઉપસ્થીત વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા માટે ઉપયોગી વાતો કરી માર્ગદર્શન આપ્યું હતુ શાળાના પૂર્વ સુપરવાઈઝર કે.આર.ખાંટ અને હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિધાર્થી અને શહેરના ગાયનોકલોજીસ્ટ ડૉ.પ્રીતિ ચંપાવતે પણ પોતાના અનુભવો વર્ણવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી શુભેચ્છા પાઠવી હતી.આ પ્રસંગે બાળકોને આશીર્વચન આપવા મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીન.આર.શાહ, મોડાસા કેળવણી મંડળના પદાધિકારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થી જતીનભાઈ સોની, શાળાના આચાર્ય મનીષકુમાર આઈ. જોષી અને સમગ્ર સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આગામી બોર્ડ પરીક્ષા માટે આશીર્વચન અને શુભેચ્છા પાઠવી હતી. શુભેચ્છા સમારોહ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. કાર્યક્રમના અંતે આઈસ્ક્રીમ ખાઈને મો મીઠું કર્યુ હતું. સાથે સાથે વિદ્યાર્થીઓની શાળા સાથેની યાદોને ચિરસ્મરણીય કરતો ગ્રુપ ફોટો પણ લેવામાં આવ્યો હતો.

## ધાનેરા કૉલેજમાં NSUI દ્વારા ટેબલેટ માટેની સરકારને રજૂઆત માટે સહી ઝુંબેશ કાર્યકમ યોજાયો



આજ રોજ ધાનેરા ખાતે NSUI દ્વારા ૨૦૧૯-૨૦ નાં ટેબલેટ માટે ધાનેરા શ્રી.કે.આર.આંજણા કોલેજ ખાતે ટેબલેટ માટે કુલ ૯.૪૮ લાખ રૂપિયા વિર્ધાથી દીઠ ૧૦૦૦ ધાનેરા કોલેજ માં જમા કરવામાં આવ્યાને ૩ વર્ષ થયાં છતાં આજ દિન સુધી કોલેજ દ્વારા ટેબલેટ આપવામાં આવેલ નથી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જે માટે NSUIના જીલ્લા મંત્રી સાજીદભાઈ મલેક તાલુકા પ્રમુખ જયેન્દ્રસિંહ દેવડા, અને મહામંત્રી નાવેદભાઈ કુરેશી તથા દ્વજૈં ના કાર્યકર્તા દ્વારા સહી જુબેશ કાર્યકમ યોજાયો હતો અને જેમ બને એમ જલદી વિદ્યાર્થીને ટેબલેટ મળી રહે તે માટે સરકારને ઉગ્ર રજૂઆત કરી હતી અને સહી જૂબેશ માં મોટી સંખ્યામાં કોલેજમાં વિધાર્થીઓ જોડાયા હતા.

## ટીટીસર- સજાપુરની ખેડૂત પુત્રીનું ડોકટર બનવાનું સ્વપ્ન ફળ્યું

**એમ.બી.બીએસની પદવી પ્રાપ્ત કરી,ટોપ ટેનમાં ગૌરવ વધાર્યુ**



મોડાસા તાલુકાનાના ટીટીસર- સજાપુર ગામની ખેડૂત પુત્રીનું ડોકટર બનવાનું સ્વપ્ર સાકાર થયુ છે.બે ગામના ઈતિહાસમાં ખેડૂત પુત્રી પ્રથમવાર ડોકટર બનતા ચોધરી પાટીદાર સમાજમાં આનંદ છવાયો છે. પ્રાપ્ત જાણકારી મુજબ ખેડૂત શૈલેષ પટેલ ની પુત્રી પ્રગતિએ વડોદરાની એમ. એસ મેડિકલ કોલેજમાં એમ.બી.બી એસની પદવી પ્રાપ્ત કરી,ટોપ ટેનમાં સ્થાન મેળવી ગામ તેમજ સમાજનું ગૌરવ વધાર્યુ છે.ખેડૂત પિતા અને શિક્ષિકા માતા સુરેખા બેનની પુત્રી પ્રગતિ એ અનેક મુશ્કેલીઓ વચ્ચે ડોકટર ની સિધ્ધિ મેળવતાં સમાજના આગેવાન અને શુભેચ્છકો એ અભિનંદન પાઠવી રહ્યા છે.

## મેઘરજ ખેતીવાડી બજાર ઉત્પન સમિતીની ચૂંટણી ૧૮ જૂને યોજાશે

**મુરતિયાઓની સંખ્યા વધતા રાજકારણમાં ગરમાવો**



મેઘરજ ની ખેતીવાડી બજાર ઉત્પન સમીતીની ચૂંટણી જાહેર થતાં મેઘરજ તાલુકાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મેઘરજ માર્કેટયાર્ડના હોદ્દેદારોના પાંચ વર્ષની ટમ પુર્ણ થતાં નિયામક ખેતબજાર અને ગ્રામ્ય અર્થ તંત્ર ગાંધીનગર દ્વારા ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ મેઘરજ ની સામાન્ય ચુટણી માટેની જાહેરાત કરી હતી. જેમાં ખેડુત મત વિભાગ માંથી ૧૦ સભ્યો વેપારી વિભાગ ના ૪ સભ્યો સહકારી ખરીદ વેચાણ મંડળી વિભાગ ૧ સભ્ય એમ કુલ ૧૫ સભ્યો માટે ચુટણીની જાહેરાત કરવામાં આવી હતી. તાલુકામાં આ વખતે ચૂંટણી લાડવા માંગતા ઉમેદવારોની સંખ્યા પાછલા વર્ષો કરતા વધશે તેવું હાલની પરિસ્થિતિ પરથી દેખાઈ રહ્યું છે.ચૂંટણી લાડવા માંગતા મુરતિયાઓની સંખ્યામાં વધારો આવતા ચૂંટણી રસાકસી ભરી બની રહેશે તેવુ લાગી રહ્યું છે.

**ચૂંટણીનો કાર્યક્રમ...** ચૂંટણી જાહેરાત તા.૨૧/૩/૨૦૨૨ ● નિયુક્તિ પત્રો આપવાની તા.૬/૬/૨૦૨૨ ● નિયુક્તિ પત્રોની પ્રાથમિક પ્રસિધ્ધિ તા.૬/૬/૨૦૨૨ ● નિયુક્તિ પત્રોની ચકાસણી તા.૭/૬/૨૦૨૨ ● નિયુક્તિ પત્રો પાછા ખેચવાની તા.૧૦/૬/૨૦૨૨ ● ઉમેદવારોની યાદીની આખરી પ્રસિધ્ધિ તા.૧૦/૬/૨૦૨૨ ● મતદાન તા.૧૮/૬/૨૦૨૨ ● મતગણતરી તા.૧૯/૬/૨૦૨૨

## પ્રાંતિજ ના પીલુદા ખાતે દશ લોકો સામે લેન્ડ ગ્રેબીંગ એકટ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પીલુદા ગામે ગેરકાયદેસર રીતે જમીન ઉપર કબજો મેળવી જમીન મુળ માલિક ને પ્રવેશ નહી આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા દશ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઇ. પ્રાંતિજ તાલુકાના પીલુદા ખાતે રહેતા રાજુભાઇ દલાભાઇ પટેલ ઉ.વર્ષ-૬૩ ધંધો ખેતી રહે. પીલુદા પટેલ વાસ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા કે જેવો ની જમીન પીલુદા ગામની સીમમા રી.સ.નં ૩૨૨ (જુનો સર્વે નંબર-૪૪૨) ની ૦-૩૯-૬ હે.આ.ચો.મી જમીન તથા રી-સર્વે નં.૨૦૯ (જુના સર્વ નં-૫૪૭૬/૧) ની ૦-૨૨-૭૬ હે.આ.ચો.મી તથા રી.સર્વ નં.૨૧૦ (જુના સ.નં ૪૭૬/૨ ) ની ૦-૨૬-૧૩ હે.આ.ચો.મી વાળી જમીન આરોપીઓ કાળાજી ધુળાજી મકવાણા , સુરેશજી કાળાજી મકવાણા , સંજયજી કાળાજી મકવાણા , પોપટજી કાળાજી મકવાણા , લાલજી જગાજી મકવાણા , મદનજી જગાજી મકવાણા , રાજુજી સરતાનજી મકવાણા , લાલજી સરતાનજી મકવાણા, વિષ્ણુજી જેશીંગજી મકવાણા, દિલિપજી જેસીંગજી મકવાણા તમામે-તમામ રહે પિલુદા તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા આરોપીઓની જમીન પોતાની માલિકી ની નહી હોવાનુ જાણવા છતાંય છેલ્લા દસ વર્ષ થી ગેરકાયદેસર રીતે કબ્જો કરી ફરીયાદી ને જમીનમા પ્રવેશ કરવા નહી દઇ જમીન મા પ્રવેશ કરશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપી જમીન મા વાવેતર કરી આજદિન સુધી કબજો જાળવી રાખતા આ અંગેની પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ૧૯|૦૩|૨૦૨૨ ને શનિવાર ના રોજ રાજુભાઇ દલાભાઇ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઇપીસીકલમ ૫૦૪,૫૦૬(૨) તથા લેન્ડ ગ્રેબીંગ એકટ ની કલમ ૩,૪(૧) ,(૨) ,૫(ગ) મુજબ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઇ પી.પી.વાઘેલા દ્વારા દશ વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ જિલ્લા મહિલા ડીવાયએસપી મીનાક્ષીબેન પટેલ દ્વારા સમગ્ર મામલે આગળ ની તપાસ હાથ ધરવામા આવી છે.

## ધનસુરાની જે.એસ.મહેતા હાઈસ્કુલ ખાતે નિવૃત્તિ સન્માન અને શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૨૨

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એસ.મહેતા હાઈસ્કુલ અને કે.જે.મહેતા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં અભ્યાસ



કરતા વિદ્યાર્થી ઓનો વિદાય સમારંભ અને શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી મહેશભાઈ નાયી નો વિદાય સમારંભ રેવિશા સંસ્કૃતિક હોલમાં યોજાયો હતો.જે.એસ. મહેતા હાઈસ્કુલ ના મુખ્ય દાતા પરિવારના વરિષ્ઠ સભ્ય અને ધનસુરા કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી રાજેન્દ્ર ભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મોડાસા બી.ડી.શાહ કોલેજ ઓફ એજયુકેશનના પ્રિન્સિપાલ ડો.બીપીન ભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થી ઓ ઉપરાંત નિવૃત થતા શિક્ષક શ્રી ના સ્વજનો અને કેળવણી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા શાળાના આચાર્યશ્રી પ્રકાશભાઈ દેસાઈ એ સૌનો શાબ્દિક સ્વાગત અભિવાદન કરી ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ તથા નિવૃત્ત શિક્ષક ને શુભેચ્છા પાઠવી હતી ત્યારબાદ શાળાના ધોરણ ૧૦ ના વિદ્યાર્થી પાર્થ પ્રજાપતિ અને ધોરણ-૧૨ની વિદ્યાર્થીની પ્રતિનિધિ કુ. જીલ જયેશ પટેલ પોતાનો શાળાનુંભવ રજૂ કર્યો હતો ત્યારબાદ શાળાના તમામ શિક્ષકો વતી જે.એસ.પટેલ અને વિજયભાઈ પટેલે વિદાયમાનને શુભેચ્છા પાઠવી હતી શાળાના શિક્ષક શ્રી કનુભાઈ ડામોરે સન્માન પત્રનું વાંચન કર્યુ હતું શાળાના નિવૃત્ત થતા શિક્ષક શ્રી મહેશભાઈ નાયી નું ફુલહાર સાલ શ્રીફળ સ્મૃતિ ભેટ તથા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમના અનેક સ્વજનોએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી નિવૃત્તિમાં શિક્ષકનું સન્માન કર્યું હતું. ધનસુરા કેળવણી મંડળના સહમંત્રી શ્રી હસમુખભાઈ પટેલ તથા ધનસુરા કેળવણી મંડળના મંત્રી શ્રી ધીરુભાઈ પટેલ એ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા મુખ્ય મહેમાન શ્રી બી.ડી.પટેલ એ વિદ્યાર્થીઓને પ્રેરક વાતો કહી પરીક્ષા માટે વિદ્યાર્થીઓના હોસલા બુલંદ કર્યો હતો તથા નિવૃતમાન શ્રી મહેશભાઈ ને શુભેચ્છા પાઠવી હતી.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઘઉંની લણની કરી ખેતરો બાળતા ખેડૂતો ચેતે

**ખેતરોમાં આગ લગાડવાથી જમીનનું શેન્દ્રીય તત્વ નાશ પામે છે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઘઉંનું મોટા પાયે વાવેતર થયા પછી લણની કાર્ય પૂરજોશમાં આરંભાયું છે. મજૂરોના અભાવે ઘઉંની કાપણી હાર્વેસ્ટરથી કરાયા પછી ખેડૂતો ખેતરોમાં આગ લગાડતા હોવાના દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે પરંતુ ખેતરોમાં આગ લગાડવાથી જમીનનું શેન્દ્રીય તત્વ નાશ પામતું હોવાથી ખેડૂતોએ ચેતવા જેવું છે. હાર્વેસ્ટર ખેતરમાં પોણા ફૂટથી દોઢ ફૂટની ઉંચાઈએથી ઘઉં કાપે છે જેથી ઘઉંના છોડના અવશેષો જમીન ઉપર ઉભા રહેતા હોવાથી ખેડૂતો બાળી દેતા હોય છે જેથી જમીનનું સત્વ નાશ પામતું હોય છે.

જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી હાર્વેસ્ટરથી ઘઉંની કાપણી ખેતરોમાં હાથ ધરાતી હોય છે અને ત્યારબાદ ખાલી ખેતરો બાળવામાં આવતાં હોય છે. ખેતરોમાં ઘઉંના વાવેતરના અવશેષો બાળવાની એકરે ૪-૫ થળીયા, જળીયા, થોરીડુંડીયો વિગેરે જેટલો જથ્થો બળી જતો હોય છે. સાથે જમીનનું શેન્દ્રીય તત્વ ૫૦-૬૦ બળતું હોય છે. એક રીપોર્ટ મુજબ જમીનમાં રહેલ ઉપયોગી શૂક્ષ્મ જીવાણું ખેતરમાં આગ લગાડવાથી ૭૦-૭૫ ટકા નાશ પામે છે. આથી ખેડૂતો જમીનને બાળી જાતે જ મોટું નુક્સાન પહોંચાડતા હોય છે. આ ઉપરાંત ઘઉંના ખેતરોમાં આગ લગાડાતાં હવામાનમાં કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય ઝેરી ગેસ ઉમેરાય છે તો બીજી તરફ જમીનમાં શેન્દ્રીય તત્વોને નુકસાન થતું હોય છે. ખેતરોમાં આગ લગાડવાને બદલે શેન્દ્રીય ખાતરને બચાવવા ઘઉં વાઢી લીધા પછી તરત હળવું પાણી આપી રોટોવેટર ચલાવી ઘઉંના અવશેષો જમીનમાં ભેળવી દેવા જોઈએ અને આ અવશેષોને જલ્દી સડાવવા માટે એક એકરે ૧ લીટર ફાસ્ટ ડીકમ્પોઝીંગ બેક્ટેરીયા ૧૦૦ લીટર પાણીમાં ભેળવીને છાંટવામાં આવે તો એકરે ૨ થી ૩ ટર્ન શેન્દ્રીય ખાતર જમીનમાં ઉમેરાશે તે ખાતરની ગરજ સારશે. જિલ્લામાં જે રીતે ઘઉંના ખાલી ખેતરો બાળવામાં આવી રહ્યાં છે તે જોતાં જમીનનું શેન્દ્રીય તત્વ નાશ પામવાથી ખેડૂતો જાતે જ ખેતરોને નુક્સાન પહોંચાડતા હોય તેવું જણાઈ રહ્યું છે જેથી ખેતરમાં આગ લગાડતા પહેલાં ખેડૂતોએ ઉપરોક્ત રીપોર્ટને ધ્યાનમાં લેવો રહ્યો.

## કોંગ્રેસ ગાંધીનગરમાં ૨૫ માર્ચે આદિવાસી સમાજના પ્રશ્નોને વાચા આપવા જંગી રેલી યોજશે

**અરવલ્લીના ૫ હજાર આદિવાસી સમાજના લોકો જોડાશે**

મોડાસા તા.૨૨

ગુજરાત સરકાર આદિવાસી સમાજ અને આદિવાસી વિસ્તારોના વિકાસની વાતો કરી રહી છે બીજીબાજુ વિકાસના નામે કેટલાક વિસ્તારોમાં આદિવાસી સમાજને કનડગતનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ૨૫ માર્ચ ગાંધીનગર સત્યાગ્રહ છાવણીથી કોંગ્રેસ આદિવાસી સમાજના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અરવલ્લી જીલ્લાના ૫ હજારથી વધુ આદિવાસી સમાજના લોકો પોતાના હક્કની લડાઈ માટે રેલીમાં જોડાશે તેમ જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યું હતું

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીના જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધ્વારા આદિવાસી સમાજના વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નો અને હક અધિકારની માંગ સાથે ગાંધીનગર ખાતે ૨૫ માર્ચ જંગી રેલી યોજાશે જેમાં ૧૯ જીલ્લાના આદિવાસી સમાજના લોકો ઉમટી પડશે રાજ્યસરકારમાં અવાર નવાર આદિવાસી સમાજના વણઉકેલ્યા પ્રશ્નો વિવિધ સંગઠનોએ તથા કોંગ્રેસ પક્ષ ધ્વારા અવાર નવાર રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત માં ૨૭ વર્ષથી ભાજપ સરકારનું શાશન ચાલે છે .પાર તાપી નર્મદા રિવર લીંક પ્રોજેકટ તથા આદિવાસી વિસ્તાર માથી પસાર થનારા કોરિડોર ની વાત હોય કે જંગલ જમીનની વાત હોય , જંગલ જમીન ના હક માટે ૧ લાખ થી ઉપર જંગલ જમીનના હક અને અધિકાર આપવામાં આવ્યા નથી ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાતનાં આદિવાસી સમાજે ખોટા આદિવાસી પ્રમાણપત્રો રદ કરવા બાબતે સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કર્યુ હતું સરકારે આદિવાસી સમાજના આગેવાનો સાથે વાટાઘાટો કરી ખોટા પ્રમાણપત્રો રદકરવા બાહેધરી આપી હતી છતાં સરકાર ધ્વારા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી જી્ , જીઝ , ંમ્ઝ બેકલોગ જગ્યાઓ ભરવામાં આવતી નથી.

આદિવાસી પૂર્વપટ્ટી અરવલ્લી , સાબરકાંઠા , મહીસાગર , દાહોદ જેવા અનેક જિલ્લાઓ માં પીવાના પાણી સીંચાઈની આરોગ્ય , શિક્ષણ , રસ્તા જેવી અંતરિયાળ વિસ્તારમાં પાયાની સુવિધા આપવામાં આવતી નથી . રાજ્ય સરકારની આદિવાસી સર્વાંગી વિકાસ ની મોટી મોટી જાહેરાતો કરે છે . બજેટ પણ ફાળવે છે . બજેટ માત્ર કાગળ રહી જાય છે . જે ગ્રાન્ટ આદિવાસી તાલુકાના વિસ્તારમાં ફાળવામાં આવે છે તે પણ અન્યત્ર વાપરી નાખવામાં આવે છે આદિવાસી તાલુકાઓ ૈંઙ્ઝ તથા નાના મોટા ઉધ્યોગો સ્થાપવામાં આવતા નથી તેથી બેરોજગાર યુવાનોને શહેર વિસ્તારમાં ભટકવું પડે છે આમ ગણા વિવિધ પ્રશ્નો બાબતે સમગ્ર ગુજરાત માથી હજારો લોકો ગાંધીનગર ખાતે ઉમટી પડસે તથા ખાસ કરી અરવલ્લી , ભિલોડા , મેઘરજ થી ૫૦૦૦ હજાર થી વધુ આદિવાસી સમાજના લોકો ભાગ લેશે અને જો અમારી માગ નહીં ઉકેલાય તો સમગ્ર આદિવાસી પૂર્વ પટ્ટી માં તાલુકા જિલ્લા મથકો એ જલદ કાર્યક્રમમાં આપવામાં આવશે .

## પાલનપુરમાં ભાજપના સત્તાધીશો નગરપાલિકાના શાસકો સામે કોંગ્રેસની રેલી યોજાઈ....

**વિપક્ષના નેતાએ વિકાસના કામો પુરા કરવા ચીફ ઓફિસર પાસે બાંહેધરી માંગી**

પાલનપુર,તા.૨૨

પાલનપુર નગરપાલિકાના મહિલા પ્રમુખે ચાર્જ સંભળ્યાને એક વર્ષ પુરુ થયું હોવા છતા શહેરમાં વિકાસના કામો શરૂ કરવામાં ન આવતા બિસ્માર રોડ રસ્તાને લઈ શહેર નર્ગાકારમાં ફેરવાયુ હોવાની





રજૂઆત સાથે નગરપાલિકાના વિપક્ષના નેતાની આગેવાનીમાં કોંગ્રેસે રેલી યોજી નગરપાલિકામાં દેખાવો કર્યો હતો.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુર શહેરના વિકાસ માટે સરકાર દ્વારા વર્ષે દહાડે લાખો કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે ચારે બાજુ વિકાસ લક્ષી કામો ચાલી રહ્યા છે ત્યારે પાલિકા પ્રમુખની નિષ્ક્રિયતાને લઈ કોંગ્રેસના વિરોધપક્ષના નેતાએ પાલનપુર શહેરના વિકાસના કામો અટવાતા શહેરમાં બિસ્માર રોડ રસ્તા ગંદડી જેવી સમસ્યાઓને લઈ દિલ્હીગેટ ચોકથી નગરપાલિકા સુધી આશરે ૩૦૦ મીટરની રેલી કરી સસ્તી લોકપ્રિયતા મેળવવા મીડિયામાં સસ્તી પ્રસિદ્ધિ મેળવવાના હાસ્યસ્પદ પ્રયાસ કર્યા હતા.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના મહિલા પ્રમુખ હેતલબેન રાવલને પ્રમુખ પદ સંભાળ્યાને એક વર્ષ પુરૂ થવા છતાં શહેરનો વિકાસ ન થયા હોવાનો અને મિલ્કત ધારકો પાસેથી વેરાની કડક ઉઘરાણી કરી બદલામાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં ન આવતા વિપક્ષના નેતા અંકિતા ઠાકોરની આગેવાની હેઠળ કોંગ્રેસ દ્વારા દિલ્હીગેટથી નગરપાલિકા સુધી બેનરો અને સુત્રોચાર સાથે રેલી યોજવામા આવી હતી અને પ્રમુખે એક વર્ષ નગરપાલિકાના એસી ચેમ્બરમાં વિતાવ્યું હોવા ના આક્ષેપ કર્યા હતા બાદમાં શહેરમાં વિકાસના કામો પુરા કરવા નગરપાલીકા ના ચીફ ઓફિસર પાસે લેખિત બાંહેધરી માંગવામાં આવી હતી.


## જન્મદિને વધામણી



ખાંટ સુજલકુમાર દીપકભાઈ આકરુંદ



મયંક ભાઈ પટેલ સાઠંબા તા.બાયડ




સાર્વિલ શિતાષુ જીતેન્દ્રકુમાર સોની પંચજ્યોત સોસાયટી, મોડાસા

## પાલનપુરમાં લેન્ડ જેહાદ રોકવા કલેકટરને આવેદનપત્ર

**શહેરના કોટ અંદરના વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરવા ઉગ્ર માંગ...**

પાલનપુર તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા ના વડા મથક તેમજ પૌરાણિક પાલનપુર



શહેરના કોટ અંદરના વિસ્તારમાં હિન્દૂ પરિવારોના મકાનો અને દુકાનો ની ખરીદી કરવાનું યોજના પૂર્વક ષડ્યંત્ર ચાલી રહ્યું હોય જેને લઈ હિન્દૂ વિસ્તાર લઘુમતી વિસ્તારમાં ફેરવાઈ જતા નાગરિક અધિકાર મંચ દ્વારા પાલનપુરમાં લેન્ડ જેહાદ રોકવા અને કોટ અંદરના વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવાની માંગ સાથે પ્રબુદ્ધ નાગરિકો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરના કોટ અંદરના વિસ્તારમાં આવેલ ચોપદારવાસ, મોટી બજાર,દુકાળ કોટડી,હેમુ મહેતાનો માઢ, મેસરીવાસ, તિનબત્તી, ખોડા લીંબડા, સલેમપુર, કંસારા શેરી, બારડપુરા, કમાલપુરા, ઢાળવાસ સહિતના વિસ્તારોમાં હિન્દૂ દેવી દેવતાના મંદિરો આવેલા છે જે વિસ્તારોમાં હિન્દૂ સમાજના મકાન તેમજ દુકાનો ખરીદવાના ષડ્યંત્ર ને લઈ એક સમયે સંપૂર્ણ હિન્દૂ વિસ્તાર ધરાવતા શેરી મહોલ્લાઓ લઘુમતિ વિસ્તારમાં ફેરવાઈ જતા હિન્દૂ બહુમતી વાળા વિસ્તાર ખાલી થઈ રહ્યા હોય આ લેન્ડ જેહાદને રોકવા નાગરિક અધિકારી મંચના નેજા હેઠળ સોમવારે જિલ્લા કલેકટર આનંદ પટેલને આવેદનપત્ર પાઠવવામા આવ્યું હતુ.

**૧૯૯૦ની સ્થિતિએ સર્વે થાય તો તબદીલ મિલકતોની હકીકત બહાર આવે**

નાગરિક અધિકાર મંચના અધ્યક્ષ ભાસ્કરભાઈ ઠાકરે જણાવ્યું હતું જે પાલનપુરના કોટ અંદરના વિસ્તારમાં હિન્દૂ પ્રભુત્વ ધરાવતા વિસ્તારો માં લેન્ડ જેહાદનું અતિક્રમણ વધતા હિન્દૂ બહુમતી વાળા વિસ્તાર ખાલી થઈ રહ્યા છે જો સરકાર દ્વારા ૧૯૯૦ સર્વે તપાસ કરે તો ઘણી મિલકતો લઘુમતીઓ ને તબદીલ થયેલ બહાર આવે તેમ છે

**ખોટી પાવર ઓફ એટર્ની મિલકત વેચી મરાઈ**

નાગરિક અધિકાર મંચ દ્વારા જણાવાયું હતી કે હનુમાન શેરીમાં ચીમનલાલ દોશીનું મકાન આવેલી હતું જે મિલકત ધારકના મૃત્યુ ના ૩૩ વર્ષ બાદ મુંબઈના અમિત ભણસાલી એ પોતાના નામે ખોટી પાવર ઓફ એટર્ની બનવરાવી લઘુમતી સમાજના ઈસમનને વેચી હોવાની જિલ્લા કલેકટર ને રજુઆત કરાઈ છે.

જેમાં શહેરના કોટ અંદરના વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા અને લેન્ડ જેહાદમાં સંકળાયેલા તત્ત્વો સામે કાયદાકીય કડક કાર્યવાહી કરી દાખલો બેસાડવા ની ઉગ્ર માંગ કરાઈ હતી અને આ મામલે સત્વરે નક્કર પગલાં નહિ ભરાય તો હિન્દૂ સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.